# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

"દિવ્યાંગ વ્યકિતઓની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (**HTAT PH**) ૨૦૨૫"
પરીક્ષાના પરીણામનું જાહેરનામું

ક્રમાંક:રાપબો/HTAT PH/૨૦૨૫/૨૨૬૬૬-૨૨૭૪૮ તારીખ:૦૪/૧૦/૨૦૨૫

અત્રેની કચેરીના તા.૨૦/૦૮/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક:રાપબો/PH HTAT/૨૦૨૫/૯૭૩૫-૯૮૨૫ અન્વયે પ્રાથમિક શાળાઓમાં સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી Head Teacher Aptitude Test (HTAT PH) પરીક્ષાનું રાજ્યના ચાર જિલ્લા (અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરા, સુરત) ખાતે આવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે OMR Based લેખિત પરીક્ષા-૨૦૨૫ નું તારીખ:૨૧/૦૯/૨૦૨૫ ના રોજ ૧૩:૦૦ થી ૧૫:૦૦ કલાક દરમ્યાન આયોજન કરવામાં આવેલ હતું.

આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૨૩/૦૯/૨૦૨૫ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા:૨૩/૦૯/૨૦૨૫ થી તા:૨૭/૦૯/૨૦૨૫ સુધીમાં તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારોને સાથે રાજ્ય પરીક્ષા બોર્ડના ઇ-મેલ એડ્રેસ: sebg.query@gmail.com પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે મળેલ રજૂઆતોને તજજ્ઞો સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞો દ્વારા તમામ રજૂઆતો અને આધારોની ચકાસણી કરી પ્રોવિઝનલ આન્સર કીમાં આપેલ ઉત્તરોમાં જરૂરી સુધારા કરી તા:૩૦/૦૯/૨૦૨૫ ના રોજ ફાઇનલ આન્સર કી તૈયાર કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૧/૦૯/૨૦૨૫ (રવિવાર) ના રોજ યોજાયેલ **HTAT PH** પરીક્ષા માં હાજર ઉમેદવારોનું પરીણામ આજ તા:૦૪/૧૦/૨૦૨૫ ના રોજ નીચેની વિગતે બોર્ડની વેબસાઇટ **www.sebexam.org** પર જાહેર કરવામાં આવે છે. પરિણામ જોવા 'Print Result' ઓપ્શન પર ક્લીક કરી પોતાનો Seat Number ટાઇપ કરી અને Date of Birth (જન્મ તારીખ) સીલેક્ટ/ક્લીક કરી Submit બટન પર ક્લીક કરવાથી ઉમેદવાર પોતાનું પરિણામ જોઇ શકશે.

❖ પરીણામની વિગતો:

| HTAT PH - 2025 Result Summry 04-10-2025 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Exam Name | Register | Absent | Present | Marks Range | | | | | | |
| | | | | 0-39 | 40-59 | 60-81 | 82-100 | 101-120 | 121-140 | 141-150 |
| HTAT PH - 2025 | 429 | 113 | 316 | 5 | 116 | 162 | 33 | 0 | 0 | 0 |

❖ અગત્યની સૂચનાઓ

❖ **HTAT PH** પરીક્ષાના પરિણામ બાદની આગામી કાર્યવાહી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

- **નોંધ**: શૈક્ષણિક લાયકાત, અનુભવ, વિકલાંગતા તેમજ વયમર્યાદાની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ

રહેશે. રાજ્ય પરીક્ષા બોર્ડ ફી ભરેલ તમામ ઉમેદવારોને પરીક્ષામાં બેસવા તક આપેલ. તેથી પરીક્ષા આપી પાસ થવાથી ભરતી માટે લાયક ગણી શકાશે તેવો દાવો કરી શકાશે નહી. આ અંગે ભરતી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.

- દિવ્યાંગ ઉમેદવારોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં ઉમેદવારે વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 55% (૮૨ ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
- જે ઉમેદવાર પોતાની OMR Sheet ની પુનઃચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર તા:૦૬/૧૦/૨૦૨૫ થી તા:૧૦/૧૦/૨૦૨૫ સુધી કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની ફાઇનલ આન્સર કી મુજબ પુનઃચકાસણી કરાવી શકશે. તા:૧૦/૧૦/૨૦૨૫ કચેરી સમય બાદ OMR Sheet ની પુનઃચકાસણીની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
- OMR Sheet ની પુનઃચકાસણી કરાવવા માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ તથા OMR Sheetની નકલ સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. આ ઉપરાંત OMR Sheet ની પુનઃચકાસણીની ફી પેટે રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે.

સ્થળ:ગાંધીનગર
તારીખ:૦૪/૧૦/૨૦૨૫

(પી. કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય જાણ અર્થે રવાના:-</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિધા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર

<u>નકલ જાણ અર્થે રવાના:-</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ.
- શાસના અધિકારીશ્રી તમામ.